# જિલ્લાના ૧૬૦૦ શિક્ષકો માટે ૭ જૂનથી કર્મયોગી તાલીમ યોજાશે

## ધો. ૧૦ અને ૧૨ના શિક્ષકો ઉપરાંત ૩૦૨ આચાર્યોનો પણ સમાવેશ

ગાંધીનગર, તા. ૨૪

ધો. ૧૦ અને ૧૨ના શિક્ષકો તેમજ શાળાના આચાર્યોને અનુલક્ષી આગામી તા. ૭ જૂનથી તબક્કાવાર કર્મયોગી તાલીમ યોજવામાં આવનાર છે. શિક્ષણની ગુણવત્તા સુધારવાના ઉદ્દેશથી શિક્ષણ બોર્ડ દ્વારા યોજાનારી સતત સર્વગ્રાહી મુલ્યાંકન તાલીમમાં જિલ્લાના ૧૬૦૦ શિક્ષકો તેમજ ૩૦૨ આચાર્યો તાલીમમાં જોડાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાનારી આ તાલીમ અન્વયે ધો. ૧૦માં ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષકો માટે તા. ૭ થી ૯ જૂન દરમિયાન ગાંધીનગરમાં સમયાંતરે ગુરુકુલ વિદ્યાલય કોટેશ્વર, ચાંદખેડામાં જે.ડી.એમ. કોબાવાળા હાઈસ્કૂલ, દહેગામમાં શાસ્ત્રી કે.એ. હાઈસ્કૂલ, માણસામાં ગ્રામશાળા ગ્રામભારતી તેમજ કલોલમાં વાસુદેવ વિદ્યાલય ખાતે સવારે ૮.૩૦ કલાકથી તાલીમ કાર્યક્રમ હાથ ધરાશે. જ્યારે ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૩ રસાયણશાસ્ત્ર-ગણિત, ભૌતિક વિજ્ઞાન અને જીવ વિજ્ઞાનના વિષયને અનુલક્ષી શિક્ષકો માટે તા. ૭ થી ૧૩ જૂન દરમિયાન સમયાંતર ગુરૂકુળ કોટેશ્વર ખાતે તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આચાર્યો તેમજ સામાજિક વિજ્ઞાન ઉપરાંત ભાષા શિક્ષકોને અનુલક્ષી તા. ૧૬ થી ૧૮ દરમિયાન તાલુકા કક્ષાએ તાલીમ આપવામાં આવશે. શિક્ષકો માટે કર્મયોગી તાલીમ ફરજિયાત હોવાથી તમામ શિક્ષકોએ હાજરી આપવાની રહેશે. વધુમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકોને પાઠ્યપુસ્તક લઈને જવાનુ રહેશે તેમ પણ જણાવાયું છે.



ગુરુવારે સવારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓએ ખુશખુશાલ મુદ્રામાં સમૂહ પોઝ આપ્યો હતો.

# પૂરક પરીક્ષા માટે ૧૧મી સુધી અરજી સ્વીકારાશે

ગાંધીનગર, તા. ૨૪

આજરોજ જાહેર થયેલા ધો. ૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉત્તરબુનિયાદી પ્રવાહમાં એક વિષયમાં પરિણામ સુધારણાની જરૂરિયાતવાળા ૮૦૧૪૨ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા જુલાઈમાં લેવાશે. સંબંધિત વિદ્યાર્થીઓને ૧૧મી જૂન સુધીમાં આવેદનપત્ર ભરવાના રહેશે. એક વિષયમાં પરિણામ સુધારણાની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓની યોજાનાર પરીક્ષામાં ડી અને તેનાથી ઉપરના ગ્રેડમાં વિદ્યાર્થીઓ આવશે તો તેવા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ લાયક ગણાશે. જો કે પ્રવેશ માટેના નિયમો ધ્યાનમાં રાખીને પ્રવેશ અપાશે.

# આજે સિટી પલ્સ ખાતે ‘અનારકલીનો સ્વયંવર’

## ગાંધીનગરના યુવા કલાકારો દ્વારા કૉમેડી નાટક



ગાંધીનગર, તા. ૨૪

સિલી પલ્સ કૅમ્પસ ખાતે શુક્રવારે રાત્રે કૉમેડી નાટક ‘અનારકલીનો સ્વયંવર’નું મંચન થવા જઈ રહ્યું છે.

હેમંત અડાલજા નિર્મિત અને કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત આ નાટકની વિશેષતા એ છે કે નાટક સંપૂર્ણપણે ગાંધીનગરનું સર્જન છે. નિર્માણ સંસ્થા સરયુ ફિલ્મ્સ અને પ્રસ્તુતકર્તા બ્લ્યૂ બબલ્સ ઍકેડેમીથી માંડીને સઘળા કલાકારો અને ટૅકનીશિયન્સ પણ ગાંધીનગરના જ રહેવાસી છે.

ગાંધીનગરની ઉજળી આવતી કાલ સમ ઉત્સાહી યુવા કલાકારો માલા લોહાણા, સ્વપ્નીલસિંહ વાઘેલા, ભાવેશ ગજ્જર, જીમેશ પટેલ, બ્રિજરાજસિંહ ઝાલા, દિવ્યકાન્ત વર્મા અને જયદીપ ઉપલા આ નાટકને પોતાના અભિનય દ્વારા અજવાળી રહ્યા છે.

કૉમેડીના રસ્તા પર ચાલીને એક સ્ત્રીના દિલ સુધી પહોંચતું આ નાટક ગુજરાતી સાહિત્યનો એક ઉચ્ચ નમૂનો છે, ઐતિહાસિક પાત્રો અને રસપ્રદ નાટકીય ઘટનાઓ એમાં પ્રાણ પૂરે છે.

સિટી પલ્સ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજીના ઓપન ઍર થિયેટર ખાતે રાત્રે ૯ કલાકે યોજાઈ રહેલા ગાંધીનગરના આ પોતીકા નાટકને માણવા સર્વ નાટ્યરસિકોને આયોજકો તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. નાટક માટે કોઈ પ્રવેશ પાસ કે ફી રાખવામાં આવી નથી અને સૌ નાટ્યરસિકો તેને મુક્તતાથી માણી શકે છે, એમ નિર્માતા હેમંત અડાલજા તથા સિટી પલ્સ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફિલ્મ ઍન્ડ ટૅલીવિઝન દ્વારા જણાવાયું છે.

# ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૬૮.૨૯ ટકા પરિણામ જાહેર

## સૌથી વધુ પરિણામ કોઈટા કેન્દ્રનું ૯૯.૪૨ ટકા નોંધાયુ : પાટણ જિલ્લાનું ૮૪.૧૬ટકા પરિણામ : ૩૩ શાળાઓનું ૧૦ ટકાથી ઓછું પરિણામ નોંધાયું

અમદાવાદ, તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ બોર્ડ સામાન્ય પ્રવાહનું આજ રોજ ૬૮.૨૯ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યુ છે. જે ગત વર્ષ કરતા ૮.૪૫ ટકા ઓછુ પરિણામ આવ્યુ છે. જ્યારે એકંદરે પરિણામ ૬૮.૪૪ ટકા આવ્યુ છે. આ વખતે સૌથી વધુ પરિણામ કોઈટા કેન્દ્રનું ૯૯.૪૨ ટકા અને સૌથી ઓછુ ભચાઉ કેન્દ્રનું ૩૦.૫૨ ટકા આવ્યુ છે. જ્યારે પાટણ જિલ્લાનું સૌથી વધુ ૮૪.૧૬ ટકા પરિણામ આવ્યુ છે. આ વખતે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા ઘટી ૧૯૯ અને ૧૦ ટકા કરતા ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૩૩ થઈ છે. એ૧ ગ્રેડ મેળવનાર ૧૦૭ વિદ્યાર્થીઓ છે. જ્યારે વિદ્યાર્થિનીઓનું પરિણામ ૭૭.૫૫ ટકા આવ્યુ છે. જ્યારે એક વિષયમાં ૮૦૧૪૨ વિદ્યાર્થીઓને પરિણામ સુધારવાની જરૂર છે. અને ગેરરીતિના ૩૯ કેસ થયા છે. આ વખતે ટોપટેનની યાદી જાહેર કરાઈ નથી. પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૨માં લેવાયેલી ધો-૧૨ બોર્ડ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉત્તર બુનિયાદી પ્રવાહની પરીક્ષામાં રાજ્યના ૨૬ જિલ્લાના ૩૪૦ કેન્દ્રો પરથી નોંધાયેલા કુલ ૪૩૫૭૫૬ વિદ્યાર્થીઓમાંથી ૪૨૬૬૭૦ વદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૨૮૦૦૩૭ વિદ્યાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર રહેતા એકંદરે કુલ પરિણામ ૬૮.૪૪ ટકા આવ્યુ છે જે ગત વર્, કરતા ૮.૪૫ ટકા ઓછુ આવ્યુ છે.

રાજ્યના શિક્ષણમંત્રી રમણલાલ વોરાએ એક યાદીમાં જણાવ્યુ છે કે આજ રોજ ધોર-૧૨ બોર્ડ સામાન્ય પ્રવામાં પ્રમાણપત્ર મેળવનાર ૨૭૬૧૪૬ વિદ્યાર્થીઓનું ૬૮.૨૯ ટકા, વ્યવસાયલક્ષી પ્રવાહમાં ૧૮૪૩ વિદ્યાર્થીઓનું ૮૬.૨૦ ટકા અને ઉ.ઉ.બુનિયાદી પ્રવાહમાં ૨૦૪૮ વિદ્યાર્થીઓનું ૮૬.૦૮ ટકા પરિણામ આવ્યું છે. આ વખતે એ૧ ગ્રેડ મેળવનાર ૧૦૭ અને એ-૨ ગ્રેડ મેળવનાર ૬૮૪૬ વિદ્યાર્થીઓના ૬૨.૦૦ ટકા પરિણામ કરતા વિદ્યાર્થિનીઓનું વધુ ૭૭.૫૫ ટકા પરિણામ આવ્યુ છે. જ્યારે ગુજરાતી માધ્યમના ૬૭.૮૦ટકાના પરિણામ કરતા અંગ્રેજી માધ્યમનું ૮૫.૩૯ ટકા પરિણામ આવ્યુ છે. ચાલુ વર્ષે ૯૯થી ઉપર પર્સન્ટાઈલ રેન્ક મેલવનાર સા. પ્રવાહમાં ૩૬૨૪, વ્યવ.પ્રવાહમાં ૧૯ અને ઉ.ઉ.બુ.પ્રવાહમાં ૨૨ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે ૦૦ રેન્ક મેળવનાર સામાન્ય પ્રવાહના ૨૬૨૭૧૦ વિદ્યાર્થીઓ છે. ચાલુવર્ષે જે વિષયમાં ૧૦૦ ગુણ મેળવે છે તેવા વિષયોમાં સ્ટેટસ્ટીકમાં ૧૩ વિદ્યાર્થી, ફિલોસોફીમાં ૧, એકાઉન્ટન્સીમાં ૩ અને કોમ્પ્યુટરમાં ૧૬ વિદ્યાર્થીઓ છે.

આ વખતે કોઈટા કેન્દ્રનું વધુ ૯૯.૪૨ ટકા અને ભચાઉ કેન્દ્રનું ઓછુ ૩૦.૫૨ ટકા પરિણામ આવ્યુ છે. આવી જ રીતે પાટણ જિલ્લાનું વધુ ૮૪.૧૬ અને નર્મદા જિલ્લાનું ઓછુ ૫૧.૧૦ ટકા આવ્યુ છે. ૧૦૦ ટકા પરિણામ વાળી શાળાઓમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. માર્ચ ૨૦૧૦માં ૪૫૦ હતી જે ઘટી ૨૦૧૧માં ૨૩૫ શાળાઓ થઈ અને આ વર્ષે પણ ઘટી ૧૯૯ શાળાઓ થઈ છે. જ્યારે ૧૦ ટકા કરતા ઓછા પરીણામ ધરાવતી શાળાઓ પણ આ વર્ષે ૩૬થી ઘટી ૩૩ નોંધાઈ છે. ગેરરીતિના કેસ ગત વર્ષે ૪૯ હતા જ્યારે આ વર્ષે ૩૯ ગેરરીતિના કેસ નોંધાયા હતા.

પરિણામમાં શારીરિક ખોડખાપણ ધરાવનાર ૨૩૧૪ વિદ્યાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર બન્યા છે. જ્યારે આ વખતે ૨૦ ટકા પાસિંગ સ્ટાન્ડર્ડથી પાસ થનાર ૫૩૬ વિદ્યાર્થીઓ છે જે ગત વર્ષે ૫૫૫ સંખ્યા હતી. ચાલુવર્ષે પરિણામ સુધારણાની જરૂરિયાતવાળા એટલે કે ઈ૧ અને ઈ૨ ગ્રેડવળા કુલ ૧૩૩૯૦૦ વિદ્યાર્થીઓમાંથી એક વિષયમાં પરિણામ સુધારણાની જરૂરિયાતવાળા ૮૦૧૪૨ વિદ્યાર્થીઓ છે. આ વિદ્યાર્થીઓએ જુલાઈ ૨૦૧૨ની પરીક્ષામાં ઉપસ્થિત રહેવા તા. ૧૧મી જુન સુધીમાં આવેદન પત્ર ભરવાના રહેશે. બોર્ડના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓને તા. ૨૯મી મેના રોજ પોતાની શાળામાંથી માર્કશીટ આપવામાં આવશે.

# ઉત્તીર્ણ ટકાવારી ઘટી છતાં પરિણામ ઓછું

*અમદાવાદ, તા. ૨૪*

*ગુજરાતમ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૨ની ધોરણ ૧૨ની સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું ધોરણ ૩૩ ટકા કરી દીધું હોવા છતાં સતત બે વર્ષથી ઓછું પરિણામ આવે છે ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ગત વર્ષે ૭૭.૦૪ ટકા હતું જ્યારે માર્ચ ૨૦૧૧ની પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું ધોરણ ૩૫ ટકાથી ઘટાડીને ૩૩ ટકા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવા છતાં આજે જાહેર થયેલા પરિણામમાં ગત વર્ષની સરખામણીમાં ૮.૪૫ ટકા જેટલું ઘટ્યું છે. સામાન્ય રીતે ઉત્તીર્ણ થવાની ટકાવારી ઘટાડવામાં આવે તો પરિણામ ગત વર્ષની સરખામણી વધુ આવે પરંતુ આ વર્ષનું પરિણામ ઓછું જાહેર થતાં શિક્ષણ બોર્ડ સહિત શિક્ષણ શાસ્ત્રીઓ ચિંતિત બન્યા છે.*

# નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર દ્વારા રાહતદરે ચોપડા વિતરણ કરશે

ગાંધીનગર, તા. ૨૪

નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર ગુજરાત સરકાર માન્ય ગાંધીનગર જિલ્લા કક્ષાનું વિજ્ઞાન કેન્દ્ર છે. આ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રસ કેળવાય તેમજ સમાજમાં વૈજ્ઞાનિક જાગૃતતા કેળવાય તે હેતુથી વર્ષ દરમ્યાન વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનુંઆયોજન કરવામાં આવે છે. સાથે સાથે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનુંપણ પ્રાધાન્ય આપવામાંઆવે છે. આ વર્ષે ધોરણ- ૫થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ‘જીવન જળ ટ્રસ્ટ’ અમદાવાદના સહયોગથી ૧૫૦ પેજના ફુલસ્કેપ ચોપડા રાહતદરે વિતરણ કરવામાં આવશે. આ ચોપડાનો ભાવ ૧ ડઝનનો રૂા. ૧૧૦ છે. મધ્યમ તથા ગરીબ વર્ગના વિદ્યાર્થીને આ ચોપડા લેવા માગતા હોય તો માર્કશીટની ઝેરોક્ષ નકલ સાથે સવારે ૮.૦૦ થી ૧.૦૦ દરમ્યાન નિસર્ગ સાયન્સ સેન્ટર બ્લોક નં. ૬૧/૧, ‘ઘ’-ટાઈપ, સેક્ટર-૨ ૩થી મળી શકશે. એક વિદ્યાર્થીને વધુમાં વધુ ૩ ડઝન ચોપડા આપવામાં આવશે. ૨૩૨૩૫૨૧૫, પર સંપર્ક કરવો.

# બીબીએ કૉલેજ ગાંધીનગર દ્વારા ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા

ગાંધીનગર, તા.૨૪

બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન બી.બી.એ. ગાંધીનગર દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના તમામ વિદ્યાર્થીઓને સફળ પરિણામ તેમજ ઉજજવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. ગાંધીનગરના સેકટર-૨૩, ઘ-૬ સર્કલ પાસે આવેલ બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન તરફથી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને કારકિર્દીલક્ષી માર્ગદર્શન મેળવવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. જે વિદ્યાર્થી કે વાલી ધોરણ-૧૨ પછીની કારકિર્દી વિશે સમજૂતી-માહિતી મેળવવા માંગતો હોય તેણે કોલેજનો રૂબરૂમાં સંપર્ક કરવો અથવા ફોન નં. ૨૩૨૪૫૭૩૫ ઉપર સવારે ૯ થી ૪ કલાક દરમિયાન સંપર્ક કરવો એમ સંસ્થાના વડાએ જણાવ્યું છે.

# આજે ગુજરાત પ્રજાપતિ પ્રિમીયર લીગ-GPPL ૨૦૧૨ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ યોજાશે

*ગાંધીનગર, તા.૨૪*

*અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘની રજત જયંતિ નિમિત્તે ગુજરાત પ્રજાપતિ પ્રિમીયર બીગ-GPPL ૨૦૧૨ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨૬૧ ક્રિકેટ ટીમો જોડાઈ છે. આ ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ તા. ૨૫મી મે ૨૦૧૨ને શુક્રવારના રોજ સરદાર પટેલ સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ ખાતે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાશે.*

*સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતી તથા અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘની રજત જયંતિ નિમિત્તે ગુજરાત પ્રજાપતિ યુવક મંડળ દ્વારા ગુજરાત પ્રજાપતિ પ્રિમીયર બીગ-GPPL ૨૦૧૨ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ગુજરાતભરમાંથી ૨૬૧ ક્રિકેટ ટીમોએ ભાગ લીધો છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ તા. ૧૧ મે ૨૦૧૨ના રોજ રમતગમત અને સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશભાઈ જહા, ધારાસભ્ય ગોવિંદભાઈ એમ. પ્રજાપતિ તથા ભાજપા પ્રદેશ ઉપાધ્યક્ષ નૌકાબેન બી. પ્રજાતિની ઉપસ્થિતિમાં વસ્ત્રાલ ખાતે થયો હતો. જેમાં દરરોજ સાત પીચ પર ડે-નાઈટ ટુર્નામેન્ટમાં ૨૫ મેચ રમાતી હતી. જેની ફાઈનલ મેચ તા. ૨૫ મે ૨૦૧૨ને શુક્રવારના રોજ સરદાર પટેલ સ્ટેડીયમ, નવરંગપુરા અમદાવાદ ખાતે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી તથા સમાજના અગ્રણીઓ અને ભાગ લેનાર બધા જ ખેલાડીઓની વિરાટ જનમેદની વચ્ચે યોજાશે. ફાઈનલ મેચ જીતનાર વિજેતા ટીમને મુખ્યમંત્રીના હસ્તે એક લાખ અગિયાર હજાર રૂપિયાનો ચેક તથા ટ્રોફી એનાયત કરવામાં આવશે.*

# વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં વધુ નાપાસ

અમદાવાદ, તા. ૨૪

ધો-૧૨ સામાન્ય પ્રવાહના આજરોજ જાહેર થયેલા ૬૮.૪૪ ટકા પરિણામમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં વધુ નાપાસ થયા છે. જેમાં અંગ્રેજી વિષયમાં ૯૯૨૫૨ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આ પછી સ્ટેટસ્ટીકમાં ૨૧૭૩૯ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આજ રોજ જાહેર થયેલા પરિણામમાં ગુજરાતી(પ્રથમ)માં ૬૬૬૫, અંગ્રેજી (પ્રથમ)માં ૪૭૨, હિન્દી (દ્વિતીય)માં ૬૪૯, અંગ્રેજી (દ્વિતીય)માં૯૯૨૫૨, ઈકોનોમિક્સમાં ૧૦૬૮૭, ઓર્ગે. ઓફ કોમર્સમાં ૬૫૩૭, સંસ્કૃતમાં ૪૫૦૦, સ્ટેટેસ્ટીક્સમાં ૨૧૭૩૯, ફિલોસોફીમાં ૭૨૦૨, સોસિયોલોજીમાં ૬૩૫, સાઈકોલોજીમાં ૬૪૩૩, જ્યોગ્રોફીમાં ૨૨૧૩, એલિમેન્ટ્સ ઓફ એકાઉન્ટમાં ૩૨૯૮૦ અને કોમ્પ્યુટર-ટીમાં૫૭૧૫ આવ્યું છે. જે જોતા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં (સેકન્ડ લેંગવેજ)માં વધુ નાપાસ થયા છે.

# સી-૧ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓ સૌથી વધુ

*અમદાવાદ, તા. ૨૪*

*આજે જાહેર થયેલા ધો. ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં હવે ટકાવારીના બદલે ગ્રેડ આપવામાં આવે છે. જેમાં ૫૧ થી ૬૦ માર્કસ મેળવનાર સી-૧ ગ્રેડના સૌથી વધુ ૯૦૨૬૮ વિદ્યાર્થીઓ છે.*

*માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ધો. ૧૨ના પરિણામમાં ગ્રેડ મુજબ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા જોવામાં આવે તો એ-૧માં ૭૦, એ-૨માં ૬૩૫૭, બી-૧માં ૩૯૯૯૪, બી-૨માં ૮૮૨૭૫, સી-૧માં ૯૦૨૬૮, સી-૨માં ૩૬૦૬૭ અને ડી ગ્રેડમાં ૧૫૧૧૫નો સમાવેશ થાય છે.*

*આ ઉપરાંત નાપાસ થયેલા એટલે કે એન. એ. (સુધારણા જરૂરી) ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૩૪૭૩૮છે. આમ ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં કુલ ૪,૦૪,૩૫૭ વિદ્યાર્થીઓ બેઠા હતા. તેમાંથી ૨,૭૬,૧૪૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.*

# સત્યના બે સ્વરૂપો મનાયા છે-લોકિક સત્ય તથા પારમાર્થિક સત્ય

**સંસ્કાર ચિંતન**

- અનંતરાય ન વ્યાસ

હિરણ્યમયેન પાત્રેણ
સત્યસ્યાપિહિતં મુખમ્।
તત્ત્વં પૂષન્નપાવૃણુ
સત્યધર્માય દૃષ્ટે॥

સત્યનું મુખ સોનાના પાત્રથી ઢંકાયેલું હોય છે. હે સૂર્યદેવ, તેને તમે ઉઘાડો. જેથી સત્યની જાણવાની ઈચ્છાવાળો એવો હું સત્યનાં દર્શન કરી શકું.

ઈશાવાસ્ય ઉપનિષદનો આ પંદરમો મંત્ર છે. તેમાં ઋષિ સૂર્યને પ્રાર્થના કરે છે, હે સૂર્યદેવ, સત્યનું મુખ સુવર્ણ પાત્રથી ઢંકાયેલું છે. મને સત્યધર્મીને તેનું દર્શન થાય તે માટે પાત્ર હટાવો. આમ આ મંત્રમાં નિર્ભેળ સત્યનાં દર્શનની અભિલાષા વ્યક્ત થઈ છે. ઋષિએ આવી પ્રાર્થના કેમ કરી ? ઋષિઓ તો મંત્રદ્દષ્ટા હતા. કદાચ પરિવર્તિત થતી સામાજિક પરિસ્થિતિમાં સત્યની જે વિડંબના થવાની હતી તેનો સ્પષ્ટ ખ્યાલ તેમને આવી ગયો હશે. જે આ મંત્રમાં વ્યક્ત થયો છે.

સત્યનું દર્શન એટલે શાનું દર્શન ? કેમ કરવાનું અને સુવર્ણ પાત્ર દ્વારા શું કહેવા માગે છે તે સમજવાની ખાસ જરૂર છે.

સત્યના બે સ્વરૂપો મનાયા છે. લોકિક સત્ય તથા પારમાર્થિક સત્ય. લોકિક સત્ય એટલે આપણી વાણી, વિચાર તથા આચારમાં સત્યની પ્રતિષ્ઠા કરવી તે. સામાન્યતઃ આપણાં દૈનિક કર્મો, આપણી જીવન પદ્ધતિ, આપણાં જ્ઞાન અને વિચાર દ્વારા સત્ય પ્રસ્થાપિત થાય છે. જો સત્યની જીવનમાં ઉતારી શકાય તો જીવન કલ્યાણકારી બને છે. પૂ. ગાંધીજી કહેતા, ‘મારે મન તો સત્ય જ સર્વોપરિ છે. તેમાં માત્ર વાણીના સત્યનો જ સમાવેશ થતો નથી. તે સિવાયની અગણિત બાબતોનો સમાવેશ થાય છે. તે આપણું કલ્પેલું સત્ય નથી પણ સ્વતંત્ર ચિરસ્થાયી સત્ય છે, જેનો આપણે પરમાત્માના નામે જાણીએ છીએ.’ આમ ગાંધીજીએ સત્યને જ પરમાત્મા કહ્યું ને લોકિક સત્યને અતિ ઊંચાઈએ પહોંચાડ્યું.

પણ આવા લોકિક સત્યનું આચરણ સૌમાં સ્વાભાવિક કેમ દેખાતું નથી ? કયા સુવર્ણપાત્રથી આ સત્ય ઢંકાઈ ગયું છે ? અર્જુને ભગવાનને પ્રશ્ન પૂછ્યો હતો, ‘ઈચ્છા ન હોવા છતાં પુરુષ કેમ પાપ કરે છે ? કોણ તેને ખેંચે છે ?’ આ પ્રશ્નને આપણે આમ મૂકી શકીએ છીએ, ‘ઈચ્છા હોવા છતાં આપણે સત્યની ઝાંખી કેમ કરી શકતા નથી ? મનસા-વાચા-કર્મણા સત્યનું આચરણ કરવાની આપણી મનોકામના હોય છે, તેમાં આપણને કોણ રોકે છે ?’

આપણે વારંવાર પ્રાર્થના કરીએ છીએ, ‘અસદ્દો મા સદ ગમય’્ને છતાં એવા કયા સુવર્ણપાત્રો સત્યની ઢાંકીને પડ્યા છે જેથી સત્યનું દર્શન-આચરણ થતું નથી ?

શ્રીમદ્ ભગવદ ગીતામાં ભગવાન કહે છે, ‘જ્ઞાનીના નિત્ય વૅરી એવા કામાગ્નિ વડે સત્ય ઢંકાયેલું છે.’ અહીં જ્ઞાન એ સત્યનો પર્યાય છે. કામનાઓ, ઈચ્છાઓમાં આસક્તિ ભળે ત્યારે ।પણા મનમાં મોહ જાગે છે. સત્યના આચરણ પર મોહનું આવરણ થઈ જતાં સત્ય ઢંકાઈ જાય છે. મોહ પણ વિવિધ પ્રકારનો હોય છે.

જેમકે સંપત્તિનો મોહ. આ સત્યના મુખ પરનું સૌથી મોટું આવરણ છે. સંપત્તિનો મોહ થતાં વ્યક્તિ ખોટાં પાપ કર્મો કરવા પ્રેરાય છે. સદ્માર્ગ કરતાં અસદ્ માર્ગે વધારે સંપત્તિ પ્રાપ્ત થાય છે. આપણા દૈનિક જીવનમાં પણ મની પાવરનો અનુભવ આપણે કરીએ છીએ. સંપત્તિના જોરે સત્યને દબાવી દેવાનું સહજ બની ગયું છે. સત્યનાં દર્શન ઈચ્છનારે સંપત્તિનો મોહ છોડવો જોઈએ. ત્યાગીને ભોગવવું - એ સૂત્ર યાદ રાખવું જોઈએ. સત્તાનો મોહ તો સત્યનું પરનું વજનદાર ઢાંકળ છે. સત્તા મેલવવા તથા સત્તા ટકાવી રાખવા રોજ-બ-રોજ જે નાટક-તમાશા થાય છે તેના આપણે સાક્ષી છીએ. સત્યના નામે અસત્યની જ મહત્તા ગવાય છે. સત્તા ઝંખતી વ્યક્તિને સત્યની કંઈ પડી નથી હોતી. આ સુવર્ણપાત્રને હટાવવું અતિ ભારે છે.

સત્તા જેવો જ, પણ તે કરતાં વધારે હાનિકારક મોહ સંતાન અંગેનો હોય છે. ધૃતરાષ્ટ્રનો પુત્ર મોહ મહાભારતના યુધ્ધમાં પરિણમ્યો હતો. આજે તો રાષ્ટ્રમાં હજારો ધૃતરાષ્ટ્રો ઊભા થઈ ગયા છે. ટૉપના નેતાથી માંડી નાનામાં નાનો નેતા પણ પોતાના સંતાનોની વ્યવસ્થા કરવા લાગે ચે. આ માટે જે કંઈ અસદ્ વ્યવહારો કરવા પડે તે કરતા કોઈ અચકાતું નથી. કહેવાતા મોટા માથાના પુત્રો સમાજમાં જે બેફામ રીતે વર્તે છે તે માટે આ સંતાન-મોહ જ જવાબદાર છે. પોતાના સંતાનોના દરેક ખોટા કાર્યને તેઓ અનુમોદન આપે છે. સંતાન-મોહી વ્યક્તિ માટે સત્યનું દર્શન દુર્લભ છે.

આમ, લોકિક સત્ય પર તો સત્તા, સંપત્તિ તથા સંતાનના મોહરૂપી સુવર્ણ પાત્ર ઢંકાઈ જાય છે. આ મોહ દૂર થાય તેવી ભગવદ્ કૃપા મળે તો સત્ય દર્શન થાય. પારમાર્થિક સત્ય એ સત્યનું બીજું સ્વરૂપ છે. પારમાર્થિક સત્ય એટલે બ્રહ્મ દર્શન. બ્રહ્મનાં દર્શન આડે, પરમાત્માના સાક્ષાત્કાર આડે કયું સુવર્ણ પાત્ર છે તે વિચારવું જોઈએ.

પ્રથમ તોલોકિક સત્ય તથા પારમાર્થિક સત્ય એવા ભેદ સમજવા પૂરતા છે. સત્ય માત્ર સત્ય છે, તેમાં ભેદ ન હોય. સત્યના સાધકે તો આ બંને સ્વરૂપોને સાધવાના હોય છે. લોકિક સત્ય એ પારમાર્થિક સત્ય સુધી પહોંચવાનો માર્ગ છે. લોકિક સત્યના આચરણ વિના પરમ સત્યનું દર્શન સંભવ નથી.

‘બ્રહ્મ સત્ય, જગત મિથ્યા’ એ જગદ્ગુરુ શંકરાચાર્યે સમજાવ્યું છે. આ બ્રહ્મ એટલે પરમ સત્ય. પરમ જ્ઞાન. વિશ્વનું આ પરમ સત્ય છે. તે અવિનાશી છે. તે અવ્યક્ત, અચિંત્ય, સર્વત્ર વ્યાપ્ત છે. જેને આપણે આત્મા, પરમાત્મા કહીએ છીએ. ગાંધીજી તેને જ ઈશ્વર માને છે. લોકિક સત્યનો અનાદર કરી પારમાર્થિક સત્યને પામવાના પ્રયત્નો વૃથા છે.

પરમ બ્રહ્મનું જ્ઞાન શાના વડે ઢંકાયેલું હોય છે. ‘અજ્ઞાનેનાવૃતં જ્ઞાનમ્’ અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાયેલું છે. આત્મા જ જ્ઞાનમય - પરમ સત્યમય છે. તેનું આપણને ભાન નથી હોતું. આપણે દેહને જ મહત્ત્વ આપીએ છીએ. આપણો દેહાત્મક ભાવે ટલો તો પ્રબળ છે કે આપણને સ્વ સ્વરૂપનો જ ખ્યાલ આવતો નથી. હું આ દેહ નથી, પણ બ્રહ્મ છું. મારો મૂલ ભાવ દેહ નથી, તેવું જ્ઞાન થાય તો એ સત્ય જ્ઞાન થયું કહેવાય.

આ મંત્રનું ત્રીજું પાસું પણ વિચારવાનું છે. સત્યનાં દર્શન કરનાર માટે ‘સત્યધર્મી’ તેવો શબ્દ છે. જે કાયમ સત્યના પંથ પર ચાલતો હોય તે જ સત્યધર્મી છે. સત્યધર્મી જ સત્યનાં દર્શન માટે તલપાપડ હોય. જેમ ‘સૌંદર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે’ તેમ સત્ય પામતાં પહેલાં સત્યધર્મી બનવું પડે છે.

ઉપનિષદના મંત્રો વિશિષ્ટ સ્વરૂપના હોય છે. જેમાં પ્રાર્થના તો પ્રભુને કરવામાં આવે છે પણ મંત્રનું હાર્દ સમજી આચરણ વ્યક્તિએ કરવાનું હોય છે. આ મંત્રનો ગૂઢાર્થ તો એવો છે કે સત્યના મુખ પરનું આ ઢાંકણ આપણે પોતે જ ઉપાડવાનું છે. આપણી કામનાઓ, મોહ-લોભ અને અહંકાર પર કાબૂ મેળવી પ્રભુપ્રાપ્તિ માટે પ્રયત્ન કરવાનો છે. સત્યનો સતત વિચાર એટલે પરમ તત્ત્વનું ચિંતન તથા મનન.

ચિંતનથી મનમાં પ્રકાશ પથરાય છે. બાહ્ય કામનાઓ શમી જતાં મન શાંત બની જાય છે. પૂર્ણ શાંતિનો અનુભવ થતાં મન પરનો પડદો હટતો જણાય છે.

સ્વ સ્વરૂપનું ભાન થાય છે. ‘અહમ્ બ્રહ્માસ્મિ’નો ખ્યાલ આવે છે. બધા જ મોહ-માયા ખરી પડે છે ને અંતઃકરણ પ્રકાશિત થઈ જાય છે. પરમાત્માની કૃપાથી સુવર્ણ આવરણો હટે છે ને બ્રહ્મ દર્શન થાય છે.